## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




તું જોઈ લેજે... હું ભણવામાં કાયમ એકથી પાંચ નંબરમાં આવતો જ... એટલે લગ્નમાં સરકાર વીસ વ્યક્તિને પરમીશન આપશે ને તોય આપણાં ઘરે કંકોત્રી પાક્કી...

### અપના અડ્ડા ખાતે વહેલી સવારે ચાર વાગ્યે ખૂની ખેલ ખેલાયો હતો

# યુવતીનો પીછો કરવાના પ્રશ્ને બે જૂથ વચ્ચે મારામારી

### હુમલો કરનારા યુવકો અમદાવાદથી આવ્યા હતા, છ યુવકોની સાથે ત્રણ યુવતીઓ પણ આવી હોવાની ચર્ચા

ગાંધીનગર, તા. ૨૬

ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં આવેલા અપના અડ્ડા ટી સ્ટોલ ખાતે બુધવારની વહેલી સવારે ધોકા, બેટ અને તિક્ષ્ણ હથીયાર વડે બે જુથ વચ્ચે મારામારી થઈ હતી. આ મારામારીમાં રાંદેસણના યુવકે મિત્રને બચાવવા જતા પોતાનો જીવ ખોયો હોવાનું ધ્યાને આવ્યું છે. ત્યારે ઘટના સમયે હાજર અને હુમલાનો ભોગ બનનાર દિપકસિંહ વિક્રમસિંહ ગોહિલ (ઉં.૨૨) એ ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસના ચક્રો તેજ કર્યા છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ બનાવ સમયે રાત્રીના સાડાબાર વાગે ફરીયાદી અને મૃતક કેતનસિંહને મિત્ર અભિમન્યુ ઉર્ફે રીષી મહેન્દ્રસિંહ રાઠોડ મળ્યો હતો. પાંચ મિત્રો તાપણા પાસે અપના અડ્ડા નજીક બેઠા હતા. તે સમયે છ યુવકો અને ત્રણ યુવતિઓ પણ બેઠી હતી. સવારના સમયે યુવતિઓ અને યુવકો પોતાની ગાડીમાં રવાના થયા હતા. આ સમયે અભિમન્યુ પણ ઉભો થયો હતો. જેથી ફરીયાદીએ પુછતા તેણે કહ્યું હતું કે પેલી છોકરીઓ મારી સામે જોતી હોવાથી તે ક્યાં જાય તે જોઈને આવું છું. કહીને તે અન્ય એક મિત્ર સાથે ગાડી લઈને નીકળ્યો હતો. અભિમન્યુસિંહ ગાડી લઈને વૈષ્ણોદેવી સુધી યુવતિઓની ગાડી પાછળ ગયો હતો. અભિમન્યુ સિંહ ગાડી લઈને પાછળ આવતો હોવાની જાણ અમદાવાદના છોકરાઓને થતા તેઓએ રોકવાનો પ્રયત્ન કર્યો હતો. જેને પગલે અભિમન્યુ સિંહ ગાડી વાળીને ગાંધીનગર તરફ આવવા માટે નીકળી ગયો હતો. બનાવ અંગે તેણે અપના અડ્ડા બેઠેલા મિત્રોને જાણ કરતા તેઓએ અહી આવી જવા માટે કહ્યું હતું. સવા પાંચ વાગ્યાના અરસામાં રીષી અપના અડ્ડા પાસે આવી ગયો હતો. આ સમયે બે ગાડીમાં આવેલા યુવકોએ બેટ અને ધોકા વડે રીષીને મારવા લાગ્યા હતા. આ સમયે મૃતક કેતનસિંહ અને ફરીયાદી બચાવવા માટે વચ્ચે પડ્યા હતા. તે સમયે હુમલાખોરમાંથી એક યુવકે છરો કાઢીને રીષી પર હુમલો કરતા મૃતક કેતનસિંહ બચાવવા માટે વચ્ચે પડ્યા હતા.તે સમયે રીષી બચીને ભાગી ગયો હતો અને હુમલાખોર યુવકે કેતનસિંહને છરાના ઉપરાછાપરી ઘા મારી દીધા હતા. જેથી ગંભીર રીતે ઘાયલ કેતનસિંહનું ઘટના સ્થળે જ મૃત્યુ નિપજયુ હતું. જયારે મારામારીમાં ગંભીર રીતે ઘાયલ અભિમન્યુસિંહ પણ અમદાવાદ સિવિલમાં સારવાર હેઠળ છે. જયારે ફરીયાદીએ કલાકો સુધી પાસે બેઠેલા વ્યકિતના સાંભળેલા નામને પગલે શકિતસિંહ ચૌહાણ, શકિતસિંહ ડોડીયા, ચેતન બન્ના અને યશપાલ વાળા ચાર નામ લખાવ્યા છે. જો કે બે શખ્સોના નામ સામે આવ્યા નથી. જયારે હુમલાખોર અમદાવાદ નજીકના ગામના હોવાનું ધ્યાને આવ્યું છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં કોરોના સંક્રમણ વધતાં એકાદ-બે દિવસમાં વધુ ડેઝીગ્નેટેડ હોસ્પિટલોની ઘોષણા થઈ શકે છે.
- રોજેરોજની જરૂરિયાત ધરાવતી કચેરીઓમાં સોશિયલ ડિસ્ટન્સીંગ નહિ જળવાતુ હોવાની ફરિયાદ ઉઠવા પામી છે.
- ગાંધીનગર શહેરના સીમાડે વિકસી રહેલ ન્યુ ગાંધીનગર વિસ્તારમાં કથળતા જતા કાયદો-વ્યવસ્થાનો મુદ્દો આજે ઠેર ઠેર ચર્ચાનો મુદ્દો બની ઉભર્યો હતો.
- ગાંધીનગર જિલ્લામાં ટેકાના ભાવે મગફળીના વેચાણ માટે ખેડૂતોમાં બહુ ઉત્સાહ જોવા મળતો નથી.
- કેન્દ્ર પુરસ્કૃત યોજનાના અમલીકરણની સમીક્ષા માટે મળતી બેઠક વર્ચ્યુઅલ યોજવા માટે તંત્રએ કવાયત હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.
- રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતા માઈલેજ ભથ્થાના દરમાં સુધારો કરતા હુકમો આજે જારી કરાયા છે.

# સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે "એક ભારત શ્રેષ્ઠ ભારત" સાંસ્કૃતિક કાર્યક્રમે મહાનુભાવોનું મન મોહયું

ગાંધીનગર તા. ૨૬

સ્ટેચ્યુ ઓફ યુનિટીના સાનિધ્યમાં યોજાયેલી ૮૦મી



ઓલ ઈન્ડિયા પ્રેસિડિંગ ઓફિસર્સ કોન્ફરન્સમાં યોજાયેલા "એક ભારત શ્રેષ્ઠ ભારત" સાંસ્કૃતિક કાર્યક્રમની દેશભરમાથી ઉપસ્થિત મહાનુભાવો દ્વારા પ્રસંશા કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં ગાંધીનગરની પનઘટ કલાકેન્દ્રના સંચાલક ભાવિન પટેલનું મહત્વનુ યોગદાન રહ્યું હતું.

નર્મદા કિનારે કેવડીયા ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટીના સાનિધ્યમાં યોજાયેલી ૮૦મી ઓલ ઈન્ડિયા પ્રેસિડિંગ ઓફિસર્સ કોન્ફરન્સ અન્વયે તા. ૨૫મી નવેમ્બરે ટેન્ટ સિટી-૨ ખાતે લોકસભાના અધ્યક્ષ ઓમ પ્રકાશ બિરલા, ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્રભાઈ ત્રિવેદી, ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં "એક ભારત શ્રેષ્ઠ ભારત" સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. સમગ્ર કાર્યક્રમ શો-ડિરેક્ટર ભાવિન પટેલ સાથે કોરિયોગ્રાફર કુશલ દિક્ષિતના માર્ગદર્શનમા નમ્રતાબેન શાહ, ગોપાલભાઈ મકવાણાના સહયોગથી સંપન્ન થયો હતો. આ કાર્યક્રમમાં ખવાવડ રાસ, મિશ્ર રાસ, કચ્છી ગરબો, ગોફ રાસ, નર્મદા અષ્ટકમ જેવી ગુજરાતની સાંસ્કૃતિક અને પારંપારિક ધરોહર સમાન કૃતિઓ પ્રસ્તુત કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું સંચાલન ઉદઘોષક ધ્વનિ દલાલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની દેશભરમાથી ઉપસ્થિત મહાનુભાવો દ્વારા ભરપેટ પ્રસંશા કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગ દ્વારા યોજવામાં આવ્યો હતો.




રાજયસભાના સાંસદ અને કોંગ્રેસ પ્રમુખના રાષ્ટ્રીય સલાહકાર અહેમદભાઈ પટેલનું અવસાન થતાં તેઓને ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ દ્વારા ભાવભીની શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. ગાંધીનગર શહેર-જિલ્લા કોંગ્રેસના અગ્રણીઓ સૂર્યસિંહ ડાભી, શૈલેન્દ્રસિંહ બિહોલા તથા કાર્યકરોએ અહેમદભાઈ પટેલને શ્રદ્ધાંજલિ આપી હતી.

## સરગાસણના વડીલનો દંતાલી કેનાલમાં આપઘાત

કોરોનાથી કંટાળીને શહેરના એક વડીલે દંતાલી કેનાલમાં આપઘાત કરી લીધો હોવાનું ધ્યાને આવ્યું છે. દંતાલી કેનાલમાંથી વડીલનો મૃતદેહ ફાયરની ટીમે બહાર નીકાળ્યો છે. આ મૃતદેહ બાબુલાલ જોઈતારામ સુથાર (ઉં.૬૮ રહે.જી.૫૦૪ સૌંદર્યા ૪૪૪ સરગાસણ) હોવાનું સામે આવ્યું હતું. મૃતક વડીલ ૧૮ નવેમ્બરના રોજ પોઝીટીવ આવ્યા હતા. જયારે ગુરુવારના રોજ સવારે ઘરેથી દવા લેવા માટે જવાનું કહી નીકળ્યા હતા. બપોર સુધી પરત ન આવતા ઘરમાંથી સ્યુસાઈડ નોટ મળી આવી હતી. જેથી પરિવારના સભ્યોએ વડીલની શોધખોળ આદરી હતી. પરંતુ તેમનો મૃતદેહ દંતાલી કેનાલમાંથી મળી આવ્યો હતો. વડીલે લખેલી સ્યુસાઈડ નોટમાં તેઓએ દર્દ અસહ્ય બનતા આ પગલુ ભરતા હોવાનું તેમણે લખ્યું છે. મૃતક સવારે ગાડી લઈને નીકળ્યા હતા અને ગાડીની ચાવી અંદર મુકીને બહારથી લોક મારીને કેનાલમાં કુદકો માર્યો હતો. સ્યુસાઈડ નોટમાં વડીલે દરેક સભ્યના નામ લખીને આશિર્વાદ પાઠવ્યા હતા. પોતાના મૃત્યુ માટે કોઈને પણ જવાબદાર ન ગણીને ઘરેથી નીકળવાનો સમય થઈ ગયો છે ગુડ બાય અલવિદા લખીને વડીલે અંતિમ પગલુ ભર્યું હતું.

# વડનગરમાં તાના-રીરી મહોત્સવ વિધિવત પ્રારંભ પૂર્વે મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં પ્રત્યક્ષ એવોર્ડ અર્પણ કર્યા

ગાંધીનગર, તા. ૨૬

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સંગીત સામ્રાજ્ઞી બેલડી તાના-રીરીની સ્મૃતિમાં રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતા તાના-રીરી એવોર્ડમાં વર્ષ ૨૦૨૦-



૨૧નું એવોર્ડ સન્માન પાશ્વગાયિકા પદ્મશ્રી અનુરાધા પોંડવાલ અને મૂળ ભાવનગરના વર્ષાબહેન ત્રિવેદીને સંયુકતપણે ગાંધીનગરમાં અર્પણ કર્યુ હતું.

આ એવોર્ડ અન્વયે રાજ્ય સરકાર દ્વારા રૂ. પાંચ લાખનો પુરસ્કાર, તામ્રપાત્ર અને શોલથી એવોર્ડ વિજેતાનું બહુમાન કરવામાં આવે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના વતન વડનગરમાં દર વર્ષે દ્વિદિવસીય તાના-રીરી મહોત્સવનું આયોજન પ્રધાનમંત્રીની પ્રેરણાથી ૨૦૦૩થી કરવામાં આવે છે.

આદ્યકવિ નરસિંહ મહેતાની બે દોહિત્રી તાના-રીરીના અમર સંગીત ઈતિહાસની સ્મૃતિ જનમાનસમાં સદાકાળ ઊજાગર રહે તેવા ઉદાત્ત ભાવ સાથે આ તાના-રીરી મહોત્સવ યોજાય છે.

વર્તમાન પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈએ ૨૦૧૦ના વર્ષથી સિધ્ધહસ્ત મહિલા ગાયક સંગીતજ્ઞ, વાદ્ય કલાકારોને તાના-રીરી એવોર્ડથી સન્માનિત કરવાની પરંપરા શરૂ કરી છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પરંપરામાં વર્ષ-૨૦૨૦-૨૧ના તાના-રીરી એવોર્ડ આજે ગાંધીનગરમાં અર્પણ કર્યા હતા.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ અનુરાધા પોંડવાલ અને વર્ષાબહેન ત્રિવેદીએ સંગીત-ગાયન ક્ષેત્રે આપેલા અમૂલ્ય પ્રદાનની પ્રસંશા કરતાં તેઓ આ પ્રદાન અવિરત આપતાં રહે તેવી શુભેચ્છાઓ આપી હતી.

તાના-રીરી સંગીત મહોત્સવનું મહેસાણાના વડનગરમાં તાના-રીરી સમાધિ સથળ સમીપે આયોજન કરીને આ એવોર્ડ અર્પણ કરવામાં આવતો હોય છે. પરંતુ આ વર્ષ કોરોના સંક્રમણની વિશિષ્ટ સ્થિતીમાં મુખ્યમંત્રીએ આ વર્ષનો તાના-રીરી એવોર્ડ અનુરાધા પોંડવાલ અને વર્ષાબહેન ત્રિવેદીને ખાસ ગાંધીનગરમાં આમંત્રીને અર્પણ કર્યો હતો.

# શહેરમાં નવી આવાસ યોજના તૈયાર કરવા હજુ સ્થળ પસંદગી થઈ નથી

### હાલ સે-૬માં કામ ચાલી રહ્યુ છે પરંતુ ખાલી જગ્યાના સર્વે કરાયા બાદ રીપોર્ટના અંતે પણ નવા આવાસો માટે સાઇટ નક્કી થતી નથી

ગાંધીનગર તા ૨૬

શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના મકાનો રહેણાંકને લાયક ન હોવાનુ ધ્યાને આવ્યા બાદ તંત્ર દ્વારા તબક્કાવાર ભયજનક મકાનો તોડવામાં આવી રહ્યા છે. જયારે બીજીતરફ નવા કોર્પોરેટ લુક ધરાવતા સુવિધાયુક્ત મકાનો પણ બાંધવામાં આવી રહ્યા છે. હાલ સે-૬ માં નવા આવાસો બાંધવાનુ કામ ચાલી રહ્યુ છે. ત્યારે હજુ પણ નવા આવાસો બાંધવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. પરંતુ ખાલી જગ્યાના સર્વે અને રીપોર્ટના અંતે પણ ઉચ્ચ કક્ષાએથી નવી આવાસ યોજના તૈયાર કરવા માટે સાઈટ આખરી કરવામાં આવી નથી.

શહેરના સેકટરોમાં એકબાજુ જુના અને જર્જરીત સરકારી આવાસો તોડવાનુ કામ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહ્યુ છે. સેકટરોમાં દાયકાઓ જુના વિવિધ કક્ષાના મકાનો રહેણાંકને લાયક ન હોવાથી તોડવામાં આવી રહ્યા છે. જયારે કેટલાક ભયજનક મકાનોમાં હજુ પણ રહેણાંક હોવાથી આવાસો ખાલી કરાવવાની પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે. સરકારી આવાસોમાં વર્ષોથી રહેતા કર્મચારીઓ તેમજ તેમના પરિવારજનો આવાસો ખાલી કરવા પણ ઈચ્છતા નથી ત્યારે તંત્ર માટે ભયજનક આવાસો ખાલી કરાવાનુ કામ પણ મુશ્કેલ બની રહ્યુ છે. જયારે બીજીતરફ રહેણાંકને લાયક આવાસો પણ પર્યાપ્ત ન હોવાથી આ પ્રક્રીયા જટીલ બની છે. ત્યારે શહેરમાં હજુ પણ નવા આવાસો બનાવવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો તોડીને નવી ટાવર કોલોની બનાવવા માટે પણ તબક્કાવાર આયોજન થઈ રહ્યુ છે.

અત્યાર સુધી સે-૭ સે,-૨૯ અને સે-૩૦ માં નવા આવાસો બાંધવામાં આવ્યા છે. જયારે હાલ સે-૬ માં નવા આવાસો બાંધવાની કામગીરી ચાલી રહી છે. ત્યારે હજુ પણ નવી આવાસ યોજના માટે નવી સાઈટ નક્કી કરવાની મથામણ ચાલી રહી છે. પરંતુ લાંબા સમયના અંતે પણ હજુ નિર્ણય લેવાયો નથી. જેના લીધે નવી આવાસ યોજનાની સાઈટ નક્કી થઈ નથી. તંત્ર કક્ષાએથી ખાલી જગ્યાનો સર્વે કરી સમગ્ર રીપોર્ટ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સમક્ષ રજુ કરી દેવાયો છે. જયારે ખુલ્લી જગ્યા અંગેનો અભ્યાસ કરી નવી આવાસ યોજના માટે સાઈટ નક્કી કરવાનુ લાંબા સમયથી પેન્ડીંગ છે. ત્યારે આવાસોના અભાવે હાલ કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. ત્યારે નવા આવાસો બનાવવાની કામગીરી ઝડપથી હાથ ધરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે.

# જિલ્લામાં શિક્ષકોની વધ-ઘટની બદલીના કેમ્પો બે તબક્કામાં યોજાશે

### આજે ઉચ્ચત્તર પ્રાથમિકના સામાન્ય વિજ્ઞાન, ગણિત-વિજ્ઞાન અને ભાષાના શિક્ષકોનો કેમ્પ સેક્ટર-૧૨ ખાતે યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોનો વધ-ઘટની બદલીના કેમ્પો બે તબક્કામાં યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

શિક્ષણ સમિતિ દ્વારા ઉચ્ચત્તર પ્રાથમિકના સામાજિક વિજ્ઞાન, ગણતિ-વિજ્ઞાન અને ભાષાના શિક્ષકોનો બદલીનો કેમ્પ આજે સે. ૧૨ ના બી.આર.સી. ભવન ખાતે સવારથી યોજાશે.

જયારે નિમ્ન વિભાગના શિક્ષકોનો વધ-ઘટની બદલીનો કેમ્પ ૧,૨ અને ૩ તારીખે યોજવામાં આવશે. તાલુકાના આંતરિક કેમ્પો આ તારીખોમાં યોજાયા બાદ ૫ મી ડિસેમ્બરના રોજ જિલ્લાનો જનરલ કેમ્પ યોજાશે.

શિક્ષણ વિભાગે આ અંગે કરેલા વિગતવાર પરિપત્રમાં ૧૩ જેટલી ખાસ સૂચનાઓ પણ આપવામાં આવી છે.

રાજ્ય સરકારે ૩૦મી સુધીમાં વધ-ઘટની બદલીના કેમ્પો યોજવા માટે જિલ્લાઓને સૂચના આપી હતી. આ પછી હરકતમાં આવેલા તંત્ર દ્વારા સરકારના માર્ગદર્શન મુજબ આ કેમ્પો યોજવામાં આવેલ છે. આ માટેની તમામ પ્રાથમિક કવાયત તંત્ર દ્વારા પુરી કરી દેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

## રાષ્ટ્રીય બંધારણ દિવસ નિમિતે બંધારણના પુસ્તકોનું પ્રદર્શન યોજાયું

ગાંધીનગર, તા. ૨૬

તા. ૨૬ નવેમ્બર, ૨૦૨૦ના રોજ ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ દ્વારા સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના મધ્યસ્થ ગ્રંથાલય દ્વારા રાષ્ટ્રીય બંધારણ દિવસ નિમિતે બંધારણના પુસ્તકોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેનું આયોજન મ. દે. ગ્રામસેવા સંકુલ સાદરાના સંયોજક રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ મધ્યસ્થ ગ્રંથાલયના સેવકો જગદીશભાઈ પરીખ, મથુરભાઈ નિસરતા, દિશા દવે અને કિશનભાઈ પંચાલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ગુડાના રૂદ્ર ભુમિ અંતિમધામમાં પણ કોરોના મૃતકોની અંતિમવિધિ શરૂ કરાઈ

### સરગાસણ સ્થિત અંતિમધામમાં પણ જરૂરી નિયમોના પાલન સાથે અગ્નિસંસ્કાર કરાશે

ગાંધીનગર તા ૨૬

કોરોનાનો કહેર દિનપ્રતિદિન વધતો જાય છે. જયારે સંક્રમિત દર્દીઓની પણ સંખ્યા વધી રહી છે. આવા સંજોગોમાં કોરોનાના દર્દીઓમાં મૃત્યુનો આંક પણ વધ્યો છે. ત્યારે સરકારની ગાઈડ લાઈન મુજબ મૃતકોના અંતિમ સંસ્કાર માટે પણ સિવિલ તંત્રએ દોડધામ કરવી પડે છે. હાલ શહેરના સે-૩૦ અંતિમધામમાં મૃતકોના અંતિમ સંસ્કાર થાય છે. જયારે આજથી સરગાસણ સ્થિત ગુડા સંચાલિત રૂદ્ર ભુમિ સ્મશાન ધામમાં પણ દર્દીઓની અંતિમ સંસ્કાર વિધિ કરવાનુ શરૂ કરી દેવામાં આવ્યુ છે.

કોરોનાની મહામારીને અનુલક્ષી જાહેર જીવનનો સિનારીયો બદલાયો છે. જાહેરમાં બિન્દાસ્ત ફરતા નાગરિકો હવે મોઢા પર માસ્ક લગાવીને સામાજિક અંતર જાળવવા માટે પ્રયાસ કરી રહ્યા છે. ત્યારે કોરોનાની મહામારીના લીધે તબીબી સેવામાં પણ નિયમોનુ પાલન કરવાનુ આવશ્યક બન્યુ છે. પી પી કીટમાં સજ્જ ડોકટરો પણ દર્દીઓની સારવાર કરતી વેળાએ વિશેષ તકેદારી રાખે છે. બીજીતરફ કોરોનાના દર્દીનુ મૃત્યુ થાય તેવા કીસ્સામાં પણ દર્દીનો મૃતદેહ ઘરે લઈ જવા દેવામાં આવતો નથી. ત્યારે મૃત્યુના કીસ્સામાં મૃતકના અંતિમસંસ્કાર કરતી વેળાએ પણ વિશેષ તકેદારી રાખવી પડે છે. જેથી અન્ય વ્યકિત સંક્રમિત ન થાય હાલ શહેરમાં પણ મૃત્યુઆંક વધતા અત્યાર સુધી સે-૩૦ સ્થિત અંતિમધામ ખાતે જ અગ્નિસંસ્કારની વિધી કરવામાં આવતી હતી જયારે હવે સરગાસણ વિસ્તારમાં સ્થિત ગુડા હસ્તકના રૂદ્ર ભુમિ સ્માશનમાં પણ આજથી કોરોના સંક્રમિત મૃતકોની અંતિમવિધિ કરવાનુ શરૂ કરી દેવાયુ છે. આ અંતિમધામ હાલ જુનિયર સિટીઝન કાઉન્સિલ સંચાલિત છે.










બેંકોના ખાનગીકરણ મુદ્દે બેંક કર્મીએ હડતાળનું શસ્ત્ર ઉગામ્યું છે. જાહેર ક્ષેત્રની બેંકો અને એકમોના આડેધડ ખાનગીકરણના વિરોધમાં કર્મચારીઓએ બાંયો ચઢાવી છે. મોટી સંખ્યામાં બેંક કર્મીઓ હડતાલમાં જોડાતા બેંકો બંધ રહી હતી. એલઆઈસીના કર્મચારીઓ પણ આ હડતાલમાં જોડાયા હતા.